(21C)

ક્રમાંક : વસંધા/૮૪૧/ટે.૧૪/અ/ 2235-36 /૨૦૧૬-૧૭
મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
વન્ય પ્રાણી વર્તુળ, સરદારબાગ,
જૂનાગઢ. તા. ૨ /૧૨/૨૦૧૬

07/12/2016

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન, ગુજરાત રાજય,
ગાંધીનગર.

વિષય : Permision of boring near Sea-Shore and setting up PVC pipeline for sea water intake for shrimp / Prawn Hatechery Village Kuchhadi R.F.S.No. 1119/1a area 0.1080 ha.

સંદર્ભ: આપશ્રીના પત્રાંક : જમન/ટે.૨૯-સી/બ/૫૩૧૮-૧૯ તા. ૦૭/૧૦/૨૦૧૬.

શ્રીમાન,

સાદર ઉપરોકત વિષયેના સંદર્ભદર્શિત પત્રથી માંગવામાં આવેલ દરખાસ્ત પરત્વેના મુદ્દાઓનો મુદ્દાવાર પૂર્તતા અહેવાલ નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર વન વિભાગ, પોરબંદર પાસેથી મેળવી નીચે જણાવેલ વિગતે સાદર કરવામાં આવે છે.

મુદા નંબર	મુદાની વીગત	મુદાની પુર્તતા
૧	એનેક્ષર–૮ મુજબ પ્રોજેકટમાં સમાવિષ્ટ અને નોન ફોરેસ્ટ વિસ્તારની વિગતો આપવાની થાય છે.જયારે તેમાં નં.૪ ફોરેસ્ટના વિસ્તારની એનેક્ષર–૭ મુજબનુ પત્રક રજૂ કરેલ છે તો તે નોન ફોરેસ્ટ લેન્ડમાં આવતુ હોય તો તેની વિગત દર્શાવવી.	યુઝર એજન્સી પાસેથી એનેક્ષર–૮ ની પૂર્તતા કરાવી. એનેક્ષર–૮ આ સાથે ચાર પ્રતમાં સામેલ છે.
૨	એનેક્ષર–૧૩ માટે વળતર વનીકરણ દ્વારા વનો અને વન્ય પ્રાણી રક્ષણ/સંરક્ષણ અને વિકાસ માટે રાજય/કેન્દ્ર સરકાર દ્વારા વધારાની શરતો સ્વીકારવા અંગેનો યુઝર એજન્સીનો બાહેંધરી પત્ર સાદર કરેલ નથી, જે તૈયાર કરી રજૂ કરવો.	યુઝર એજન્સી પાસેથી એનેક્ષર–૧૩ ની પૂર્તતા કરાવી. એનેક્ષર–૧૩ આ સાથે ચાર પ્રતમાં સામેલ છે.
૩	એનેક્ષર–૧૪ મુજબ પર્યાવરણ સંરક્ષણ ધારા-૧૯૮૬ અંતર્ગત યુઝર એજન્સી દ્વારા પર્યાવરણ મંજૂરી તથા CRZ મંજૂરી માટે કરેલ અરજીની નકલ અને તેનુ હાલનું સ્ટેટસ જાણાવવાનુ હોય છે, જેની જગ્યાએ અન્ય દસ્તાવેજ સાદર કરેલ છે,તો તેમાં જરૂરી ફેરફાર કરવા.	યુઝર એજન્સી પાસેથી એનેક્ષર–૧૪ ની પૂર્તતા કરાવી. એનેક્ષર–૧૪ આ સાથે ચાર પ્રતમાં સામેલ છે.
૪	એનેક્ષર–૧૮ મુજબ વળતર વનીકરણ માટે પસંદ કરવામાં આવેલ જંગલ જમીન વિસતારના સર્વે નંબર/કમ્પાટમેન્ટ નંબર/ગામ/તાલુકો અને જિલ્લાની વિગત દર્શાવતો GPS રીડીંગ સાથે નકશો સામેલ થઈ આવેલ નથી. તેથી તે રજૂ કરવો.	એનેક્ષર–૧૮ મુજબ વળતર વનીકરણ માટે પસંદ કરવામાં આવેલ જંગલ જમીન વિસતારના સર્વે નંબર/કમ્પાર્ટમેન્ટ નંબર/ગામ/તાલુકો અને જિલ્લાની વિગત દર્શાવતો GPS રીડીંગ સાથે નકશો સામેલ છે.
૫	એનેક્ષર–૨૯ માં ઈન્ડેક્ષ મેપ અપલોડ કરેલ છે,જેમાં મોટા સ્કેલ વાળો નકશો સામેલ કરવો.	એનેક્ષર–૨૯ માં ઈન્ડેક્ષ મેપ અપલોડ કરેલ છે,જેમાં મોટા સ્કેલ વાળો નકશો આ સાથે સામેલ છે.
૬	એનેક્ષર–૩૦ મુજબ માંગણીવાળો વન વિસ્તાર તથા વનીકરણ માટે પસંદ કરેલ જંગલ વિસ્તાર એક જ નકશામાં દર્શાવતો મેપ રજુ કરવો.રજુ કરેલ મેપમાં માંગણી વાળો વિસ્તાર દર્શાવેલ નથી,માત્ર વળતર વનીકરણ માટેની જંગલ જમીન વિસ્તાર દર્શાજેલ છે.આથી માંગણીવાળો વન વિસ્તાર તથા વનીકરણ માટે પસંદ કરેલ જંગલ વિસ્તાર એક જ નકશામાં દર્શાવતો મેપ રજુ કરવો.	એનેક્ષર–૩૦ મુજબ માંગણીવાળો વન વિસ્તાર તથા વનીકરણ માટે પસંદ કરેલ જંગલ વિસ્તાર એક જ નકશામાં દર્શાવતો મેપ રજુ કરેલ છે.

૭	એનેક્ષર–૩૨ મુજબ માંગણીવાળો વન વિસ્તારનો GPS રીડીંગ સાથે નકશો સામેલ થઇ આવેલ નથી. કે જેમાં યુઝર એજન્સી દ્વારા માત્ર આવતા પોઇન્ટના GPS રીડીંગ આપેલા છે પરંતુ લાઇન દર્શાવેલ નથી. જે દર્શાવી નકશો સાદર કરવો.	એનેક્ષર–૩૨ મુજબ માંગણીવાળો વન વિસ્તારનો GPS રીડીંગ સાથેના નકશામાં લાઇન દર્શાવી નકશો આ સાથે સામેલ છે.
૮	પોર્ટલ ઉપર પાર્ટ-I માં KML File બરાબર બનાવીને અપલોડ કરેલ નથી, જે ફરીથી સુધારા કરી અપલોડ કરવી.	પોર્ટલ ઉપર પાર્ટ-I માં KML File બરાબર બનાવીને સુધારા કરી અપલોડ કરેલ છે.
૯	પોર્ટલ ઉપર પાર્ટ-I માં FRA- 2006 અંતર્ગત કલેકટરશ્રીનું સર્ટીફીકિટ અપલોડ કરવામાં આવેલ નથી. જે અપલોડ કરવું.	પોર્ટલ ઉપર પાર્ટ-I માં FRA- 2006 અંતર્ગત કલેકટરશ્રીનું સર્ટીફીકિટ અપલોડ કરેલ છે.
૧૦	પોર્ટલ ઉપર પાર્ટ-II માં અપલોડ કરેલ વળતર વનીકરણ માટે પસંદ કરેલ જમીન માટેની KML File માં એક કરતાં વધુ પોઇન્ટ દર્શાવેલ છે, જેમાં જમીનના ચાર ખૂણાના ચાર GPS રીડીંગ સાથે પોલીગોન બનાવી અપલોડ કરવાના રહેશે.	પોર્ટલ ઉપર પાર્ટ-II માં અપલોડ કરેલ વળતર વનીકરણ માટે પસંદ કરેલ જમીન માટેની KML File માં જમીનના ચાર ખૂણાના ચાર GPS રીડીંગ સાથે પોલીગોન બનાવી અપલોડ કરેલ છે.
૧૧	પોર્ટલ ઉપર પાર્ટ-II માં અપલોડ કરેલ વળતર વનીકરણ માટે પસંદ કરેલ જમીનનો ટોપોશીટ મેપ અપલોડ કરવાનો થાય છે ત્યાં ઇન્ડેક્ષ મેપ અપલોડ કરેલ છે. જેથી ટોપોશીટ મેપ અપલોડ કરવો અને તેમાં વળતર વનીકરણનો એરીયા સ્પષ્ટ દર્શાવવો.	પોર્ટલ ઉપર પાર્ટ-II માં અપલોડ કરેલ વળતર વનીકરણ માટે પસંદ કરેલ જમીનનો ટોપોશીટ મેપ અપલોડ કરેલ છે. તેમાં વળતર વનીકરણનો એરીયા સ્પષ્ટ દર્શાવેલ છે.
૧૨	પોર્ટલ ઉપર પાર્ટ-II માં નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા કરવામાં આવેલ રેકોમોંડેશન પાર્ટ-II Form-A એની જગ્યા પર જાતે બનાવેલ રેકોમોંડેશન લેટર અપલોડ કરેલ છે, જેમાં જરૂરી સુધારા કરવા.	પોર્ટલ ઉપર પાર્ટ-II માં નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા કરવામાં આવેલ રેકોમોંડેશન પાર્ટ-II Form-A અપલોડ કરેલ છે,

સામેલ: ઉપર મુજબ

(ડો. એ.પી.સિંહ)
મુખ્ય વન સંરક્ષક
વન્યપ્રાણી વર્તુળ, જૂનાગઢ.

નકલ રવાના : નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર વન વિભાગ, પોરબંદર તરફ તેમના પત્રાંક : અ/જમન/ટે.૭/૧૮૨૭–૨૮ તા. ૧૦/૧૧/૨૦૧૬ અન્વયે જાણ સારૂ.